પત્રિકા
૨૦૫

# ચિરાગે હિદાયત

૦૭/૦૪/૧૯
૦૧ શાબાન

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૧ શાબાન/૦૭ એપ્રિલ : વિલાદતે જનાબે ઝયનબ(સ.અ.)
૦૩ શાબાન/૦૯ એપ્રિલ : વિલાદતે હઝરત ઈમામ હુસૈન(અ.સ.)
૦૪ શાબાન/૧૦ એપ્રિલ : વિલાદતે હઝરત અબ્બાસ(અ.સ.)(બીજી રિવાયત)
૦૫ શાબાન/૧૧ એપ્રિલ : વિલાદતે હઝરત અલીઅકબર(અ.સ.)
૦૭ શાબાન/૧૩ એપ્રિલ : વિલાદતે જનાબે કાસિમ(અ.સ.)

## જનાબે ઝયનબ(સ.અ.)

કરબલાના શેરદિલ ખાતૂન પયગામે આશુરાના મુહાફીઝ જનાબે ઝયનબે કુબરા(સ.અ.)ની વિલાદત બાસઆદતની મુનાસેબતના મૌકા ઉપર તમામ શિયાને અલીને મુબારક બાદ પેશ કરીએ છીએ.

ઈન્સાની ઈતિહાસમાં અમુક ઔરતો એવી આવી છે કે જેમણે ઈતિહાસ બનાવ્યો. જનાબે મરિયમ, જનાબે આશીયા, જનાબે ખદીજા(સ.અ.), જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની પછી જનાબે ઝયનબ(સ.અ.) તે અઝીમ હસ્તી છે કે ૧૪૦૦ વર્ષ પસાર થયા પછી પણ આપ(સ.અ.)ની કોઈ મિસાલ નથી. આપ(સ.અ.)ની વિલાદત એક કૌલ મુજબ ૧ શાબાન ૬ હિજરીમાં થઈ.

આપ(સ.અ.)નું નામ પણ આપના જદ્દે નામદાર હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)એ ઝયનબ રાખ્યું. જેનો મતલબ છે બાપની ઝીનત (શોભા). આપ(સ.અ.)ના ઘણા અલ્કાબ

છે. સિદ્દીકએ સુગરા, નામુસે કુબરા, ઈસ્મતે સુગરા, રાઝીયા બિલ કદ્રે વલ કઝા, આલિમાએ ગૈરે મોઅલ્લેમા, શફીકતુલ હસન, શરીકતુલ હુસૈન, કફીલે સૈયદે સજ્જાદ, સાનીએ ઝહરા વિગેરે. આપ(સ.અ.) શુજાઅતમાં મિસ્લે અલી(અ.સ.), ખુલ્કમાં મિસ્લે હસન(અ.સ.), સબ્રમાં મિસ્લે હુસૈન(અ.સ.), જલાલતમાં મિસ્લે અબ્બાસ(અ.સ.) છે.

જનાબે ઝયનબ(સ.અ.) સોળ ભાઈઓના મોટી બહેન હતા. સિવાય કે ફકત બે ભાઈ ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.)થી ઉમ્રમાં નાના હતા. જનાબે ઝયનબ(સ.અ.)ના અઢાર ભાઈઓ હતા. ઈમામ હસન(અ.સ.), ઈમામ હુસૈન(અ.સ.), હઝરત મોહસીન(અ.સ.) આપ(સ.અ.)ના સગા ભાઈઓ હતા. અન્ય આપ(સ.અ.)ના પિતરાઈ ભાઈઓ હતા.

આપ(સ.અ.) મા અને બાપ બંને તરફથી હાશમી હતા. આજ કારણ છે કે આપ(સ.અ.) હયામાં જનાબે ખદીજા(સ.અ.)ની જેમ, ઈફફતમાં જનાબે ફાતેમા(સ.અ.) જેવા, ફસાહતો બલાગતમાં પોતાના વાલીદે ગિરામીની શબીહ હતા, સબ્રમાં પોતાના ભાઈ ઈમામ હસન(અ.સ.)થી મુશાબેહત રાખતા હતા અને બહાદુરી અને કલ્બની તાકતમાં આપ(સ.અ.) ઈમામે હુસૈન(અ.સ.)ની જેવા હતા. આપ(સ.અ.) અઝમત અને કમાલભર્યા માહોલમાં પરવરીશ પામ્યા.

*** ઔલાદની પરવરિશ:**

કામ્યાબ ઔરતની એક નિશાની આ છે કે પોતાના બાળકોને અખ્લાકી અને તહેઝીબવાળા બનાવીને એક બહેતરીન મા હોવાનુ સબુત આપે. આપ(સ.અ.)એ પોતાના માદરે ગિરામીની સીરત અપનાવીને આ બાબત તરફ ખાસ ધ્યાન આપ્યું. આપ(સ.અ.) બાળકોની એવી તરબીયત કરી કે હઝરતે ઔનો મોહમ્મદ કરબલામાં ઈમામ હુસૈન(સ.અ.)ની સાથે શહીદ થયા. દરેક મોઅમીન ઔરતે આપ(સ.અ.)ની જેમ પોતાના બાળકોને તરબીયત આપવાની જરૂર છે.

*** ઘરના કામને ખુદ અંજામ આપવુ:**

આપ(સ.અ.) પોતાનાં ઘરનું કામ પોતે જ કરતા હતા. આપ(સ.અ.)ના શોહર અબ્દુલ્લાહ ખૂબજ માલદાર હોવા છતાં પણ આપ(સ.અ.)એ ઘરમાં કોઈ ખિદમતગુઝાર રાખવાની મનાઈ કરી અને તમામ ઘરના કામને ઈબાદત સમજીને પોતેજ કરતા રહ્યા. એવી રીતે આપ(સ.અ.) કયામત સુધી આવવાવાળી ઔરતો માટે નમૂનએ અમલ છે. આપ(સ.અ.)એ આ બાબતો ઉપર પોતે અમલ કરીને બતાવ્યું કે ઈઝ્ઝતના પરદામાં રહીને ઘરના કામને અંજામ આપવું ઐબ નથી બલ્કે બહેતરીન ઈબાદત છે.

### * આપ(સ.અ.)ની ઈબાદતઃ

અખ્લાકી અને રૂહાની એઅતેબારથી આપ(સ.અ.) ખૂબજ ઊંચા દરજ્જા પર ફાએઝ હતા. આપ(સ.અ.) ખુઝુઅ, ખુશુઅ, ઈબાદત અને બંદગીના એઅતેબારથી પોતાના વાલિદ અને વાલેદાના હકીકી વારીસ હતા. ઘણી બધી રાત્રિઓમાં આપ(સ.અ.)સવાર સુધી ઈબાદત કરતા હતા. આપ(સ.અ.) હંમેશા કુરઆનની તિલાવત કર્યા કરતા હતા. આપ(સ.અ.)ની નમાઝે શબનો સિલસીલો આખી ઝિંદગીમાં કયારેય પણ છુટયો નથી.

ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.) ફરમાવે છે કે "મોહર્રમુલ હરામની અગિયારમી શબમાં પણ તે તમામ મસાએબ અને થાક હોવા છતાં પણ મેં મારી ફુફીને ઈબાદત કરવામાં મશગૂલ પામ્યા."

### * આપ(સ.અ.) કરબલામાંઃ

આપ(સ.અ.)ની એક મોટી સિફત ઈસાર છે. આશુર પછી પણ આપ(સ.અ.)નો ખૂબજ મોટો ઈસાર હતો કે પોતાનો ખોરાક પણ બાળકોને આપી દેતા હતા અને પોતે ભૂખ્યા રહેતા હતા. આપ(સ.અ.) પોતાની ઈફ્ફત અને હિઝાબના લેહાઝથી બેમિસાલ હતા. કેમ કે પોતાના વાલિદે બુઝુર્ગવાર અને ભાઈઓની ઝિંદગીમાં આશુરના દિવસ સુધી આપ(સ.અ.)ની ઉપર કોઈ નામહેરમની નજર નહોતી પડી.

એક યહુદીનું કહેવું છે કે હું ઘણા સમય સુધી મદીનામાં હઝરત અલી(અ.સ.)ના પાડોશીમાં ઘણાં સમય સુધી રહ્યો પણ ખુદાની કસમ! મેં કયારેય પણ જનાબે ઝયનબ(સ.અ.)ને ન જોયા છે અથવા ન તો તેમનો અવાજ સાંભળ્યો છે. આપ(સ.અ.) સબ્રો રેઝાના પહાડ હતા. આજ કારણે કરબલાના બનાવ પછી જયારે આપ(સ.અ.) અસીર થઈને ઈબ્ને ઝિયાદના દરબારમાં પહોંચ્યા. ત્યારે તેણે મેણા મારીને કહ્યું કે "તમારા ખુદાએ તમારી સાથે શું કર્યું?" આપ(સ.અ.) બોલ્યા અને કહ્યું "મેં ખુદાથી ભલાઈ સિવાય કાંઈપણ જોયું નથી." જયારે આપ(સ.અ.) પોતાના ભાઈની લાશ પાસે પહોંચ્યા ત્યારે ખૂનથી ભરેલી લાશને દિલથી લગાડીને દુઆ કરે છે કે "ખુદાયા અમારી તરફથી આ કલીલ કુરબાનીને તમારી બારગાહમાં કબુલીય્યતનો દરજ્જો અતા ફરમાવ."

આપ(સ.અ.)એ દુનિયાની લઝ્ઝતોને તર્ક કરીને ઈસ્મતે સુગરાનો દરજ્જો હાંસિલ કરી લીધો.

*ઈસ્લામકા સરમાયાએ તસ્કીન હૈ ઝયનબ*
*ઈમાનકા સુલઝા હુવા આઈના હૈ ઝયનબ*
*હૈદરકી ખદો ખાલકી તઝયીન હૈ ઝયનબ*
*યે ગુલશને ઈસ્મતકી વો માઅસુમ કલી હૈ*
*તત્હીર મેં ઝહરા હૈ તો તેવર મેં અલી હૈ*

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com